રાજકોટ, ગુરૂવાર, Dt.28-6-2018



# પોરબંદરમાં આંતરરાષ્ટ્રીય ડ્રગ વિરોધી દિવસની ઉજવણી થઈ

## ગુરૂકુળ મહિલા કોલેજ ખાતે સુત્રલેખન સ્પર્ધા યોજાઈઃ નશાને અભિશાપ ગણી લોકજાગૃતિ માટે ૫૩ યુવતીઓએ સુત્રો લખ્યા



પોરબંદરમાં ગુરૂકુળ મહિલા કોલેજ ખાતે સુત્રલેખન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું (તસ્વીરઃ જિજ્ઞેષ પોપટ)

પોરબંદર,તા.૨૭

પોરબંદરમાં આંતરરાષ્ટ્રીય ડ્રગ વિરોધી દિવસની ઉજવણી આર્યકન્યા ગુરૂકુળ મહિલા કોલેજ ખાતે કરવામાં આવી હતી.

રાજરત્ન શેઠશ્રી નાનજીભાઈ કાલિદાસ મહેતા આર્યકન્યા વિદ્યાલય ટ્રસ્ટ સંચાલિત ગુરૂકુળ મહિલા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ-પોરબંદરમાં એન.એસ.એસ. વિભાગ અને સર્જનાત્મક અભિવ્યક્તિધારાના સંયુક્ત ઉપક્રમે આંતરરાષ્ટ્રીય ડ્રગ વિરોધી દિવસની ઉજવણી સંદર્ભે 'સૂત્ર લેખન' સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. યુનાઈટેડ નેશન દ્વારા દર વર્ષે ૨૬ મી જુનને આંતરરાષ્ટ્રીય ડ્રગ વિરોધી દિવસ તરીકે ઉજવવાની પરમ્પરાના ભાગરૂપે ગુરૂકુળ મહિલા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજમાં સૂત્ર લેખન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. નશો એક અભિશાપ છે જે વ્યક્તિની સ્વતંત્રતા ઉપર તરાપ મારે છે. નશીલા પદાર્થોના સેવનને કારણે વ્યક્તિ પોતાના જ શરીરનો ગુલામ બની જાય છે. તેના મન અને મગજની તાકાતનો વિનાશ તો થાય જ છે. પરંતુ તે અનેક રોગોને આમંત્રણ આપી શારીરિક, માનસિક, આર્થિક, સામાજીક રીતે બરબાદ થઈ જાય છે. વ્યસન કરનાર વ્યક્તિની નકારાત્મક અસરો તેના કુટુંબ અને સમાજમાં પણ પડતી હોય છે. આવી વ્યક્તિ તમામ રીતે ગેરજવાબદાર બનીને અન્યને પણ નુકસાન પહોંચાડે છે. આમ, નશીલા પદાર્થોના સેવન અંગે સમાજમાં જાગૃતિ પ્રસરે તેવા ઉમદા હેતુથી સૂત્ર લેખન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં કોલેજની કુલ ૫૩ બહેનોએ ભાગ લીધો હતો તેઓએ 'વ્યસન છોડો-ખુશહાલ જીંદગી સે રિશ્તા જોડો' અને 'ડ્રગ ને છોડો, ઘરને જોડો' જેવા અનેક અસરકારક સૂત્રોને પ્રસ્તુત કર્યા હતા.

આ સ્પર્ધામાં ભાગ લીધેલ તમામ બહેનોને બિરદાવતા કોલેજના પ્રિન્સીપાલ ડો. અનુપમભાઈ નાગરે વિદ્યાર્થીઓને કહેલું કે સમાજમાં પ્રચલિત વ્યસન જેવા ભયંકર દૂષણોને દૂર કરવાનો આપણો આ જે સહિયારો પ્રયાસ છે તે માત્ર એક સામાન્ય કાગળ ઉપર રચાયેલું એક સૂત્ર માત્ર બની રહેવું જોઈએ નહીં. પરંતુ આપણે સહુએ સંકલ્પબદ્ધ થવું જોઈએ કે આપણા ઘરમાંથી, કુટુમ્બમાંથી કોઈને નશીલા પદાર્થોનું સેવન કરવાની આદત હોય તો તે છોડાવવાનો પ્રયત્ન કરીશું. વ્યસનમુક્તિ જેવી સમાજ માટે કલ્યાણકારી પ્રવૃત્તિમાં સહભાગી બનનાર તમામ વિદ્યાર્થીનીઓને તેઓએ અભિનંદન પાઠવ્યા હતા. આ સ્પર્ધામાં પ્રથમ સ્થાને બાપોદરા રૂપા પી., દ્વિતિય સ્થાને ઓડેદરા આશા પી. અને તૃતીય સ્થાને થાનકી રચના ડી. અને કારાવદરા કિંજલ આર. એમ બે વિદ્યાર્થીનીઓ વિજેતા ઘોષિત થયા હતા.

આ સ્પર્ધાનું આયોજન કોલેજના પ્રિ. ડો. અનુપમભાઈ નાગરના માર્ગદર્શન હેઠળ થયું હતું. સ્પર્ધાના નિર્ણાયક સ્થાને પ્રો. ડો. મનહર ગોસ્વામી અને પ્રો. ડૉ. શર્મિષ્ઠા પટેલ રહ્યા હતા. તો સમગ્ર કાર્યક્રમનું આયોજન એન.એસ.એસ. વિભાગ અને સર્જનાત્મક અભિવ્યક્તિધારાના અધ્યક્ષ પ્રો. ડૉ. નયનભાઈ ટાંક અને પ્રો. ડો. શાંતિબેન મોઢવાડીયાએ કર્યુ હતું.

# પોરબંદરમાં યુવતીઓ માટે કારકી
# માર્ગદર્શન સેમીનાર સુપેરે સંપ

## આર્યકન્યા ગુરૂકુળ મહિલા કોલેજમાં આયોજન સં



પોરબંદરની આર્યકન્યા ગુરૂકુળ મહિલા કોલેજમાં કારકીર્દિ માર્ગદર્શન સેમીનાર યોજાયો. (તસ્વીરઃ જિજ્ઞેષ પ

પોરબંદર,તા.૨૮

પોરબંદરની ગુરુકુલ મહિલા કોલેજ સીસીડીસી અને ઉદીશા પ્રકલ્પ દ્વારા કેરીઅર ઓરીએન્ટેશન કાર્યક્રમ સંપન્ન થયો હતો.

ઉચ્ચશિક્ષણમાં સમયની સાથે તાલથી તાલ મિલાવી, વિદ્યાર્થીનીનું કારકીર્દિનું સશક્ત ઘડતર થાય તે માટે સંનિષ્ઠ પ્રયત્ન કરી પોરબંદરની કન્યા કેળવણીમાં અગ્રેસર આર્યકન્યા વિદ્યાલય ટ્રસ્ટ સંચાલિત ગુરુકુલ મહિલા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજમાં શૈક્ષણિક સત્ર ૨૦૧૮-૧૯ ના પ્રારંભે સીસીડીએલ તથા ઉદીશા પ્રકલ્પ દ્વારા વિદ્યાર્થીઓ માટે કેરીઅર ઓરીએન્ટેશન કાર્યક્રમનું આયોજન હાથ ધરવામાં આવેલું. કાર્યક્રમનું પ્રમુખ સ્થાન સંસ્થાના પ્રિન્સીપાલ ડો. અનુપમભાઈ નાગરે શોભાવ્યું હતું.

ઉચ્ચ શિક્ષણ દરમિયાન વિદ્યાર્થીઓ કારકીર્દિનું જતન કરે અને પોતાનામાં રહેલી કાર્યક્ષમતા દ્વારા આપબળે રોજગારી પ્રાપ્ત કરે તે માટે ગુજરાત સરકાર દ્વારા સ્થાપવામાં આવેલ પ્રકલ્પ ઉદીશા અને યુ.જી.સી. દ્વારા સ્થાપિત કેરીઅર કાઉન્સેલીંગ એન્ડ ડેવલોપમેન્ટ સેલ ગુરુકુલ મહિલા કોલેજ ચેપ્ટર દ્વારા આજરોજ નવા સત્ર ૨૦૧૮-૧૯ ના પ્રારંભે જ કારકીર્દિ ઓરીએન્ટેશન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. કાર્યક્રમની શરૂઆતમાં ઉદીશા તથા સીસીડીસી સેલના કોર્ડીનેટર પ્રા. ડો. જયેશભાઈ ભટ્ટ દ્વારા વિદ્યાર્થીનીઓ સમક્ષ કારકીર્દિ ઘડતર માટે મહત્વનાં આયામો રજુ કરી ગુરુકુલ મહિલા કોલેજ દ્વારા કઈ કઈ રીતે કારકીર્દિ ઘડતર માટે મહત્વના આયામો રજુ કરી ગુરુકુલ મહિલા કોલેજ દ્વારા કઈ કઈ રીતે કારકીર્દિ ઘડતર માટે પ્રયત્ન થશે જેનો ખ્યાલ આપેલો. તેઓએ સખત મહેનત જ સ્પર્ધાત્મક દોડમાં વિદ્યાર્થીનીને અવ્વલ લઈ જશે
સાથે વિદ્યાર્થીનીઓને કારકી
બનવા અનુરોધ કર્યો હતો.

કાર્યક્રમને અંતે પ્રમુખસ
સંસ્થાના પ્રિન્સીપાલ ડો. અનુ
નાગરે વર્તમાન સમયની
અનુલક્ષીને વિદ્યાર્થીનીએ ક
પરત્વે સજાગ બનવા સુચન
તેઓએ ઉચ્ચશિક્ષણમાં આવ
અમુક પરિવર્તનો તથા
ઉચ્ચશિક્ષણની મૂલ્યાંકન સંસ્થા
રોલ અને વિદ્યાર્થી તથા અધ્ય
યોગદાન પર પ્રેરણાત્મક ઉદ્બો
હતું. અંતે વિદ્યાર્થીનીઓ
મહિલા કોલેજનાં શૈક્ષણિક અને
વાતાવરણમાં પોતાની કાર
ઉચ્ચત્તમ બનાવે તે માટે આશ
પાઠવ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું
પ્રા. ડો. નયનભાઈ ટાંક દ્વારા
આવ્યું હતું.

